# રાજ્યના શિક્ષણ ક્ષેત્રમાં ૬૬૧૬ જગ્યાઓ ભરવા મંજૂરી

## શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની મોટી જાહેરાત : અધ્યાપક સહાયકોની ભરતી માટે ૨૦ જાન્યુઆરી-૨૦૨૧ સુધીમાં ઓનલાઇન અરજી કરી શકાશે : ચુડાસમા

ગાંધીનગર,તા.૧૩

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે રાજયના ઉચ્ચશિક્ષણ તેમજ ઉચ્ચત્તર-માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે રોજગાર અવસર દ્વારા કારકીર્દી ઘડતર માટે સમગ્રતયા ૬૬૧૬ જેટલી નવી ભરતી કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. શિક્ષણ મંત્રીએ આ સંદર્ભમાં વધુ વિગતો આપતાં ઉમેર્યુ કે, મુખ્યમંત્રી વિજય રૂપાણી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના નેતૃત્વની વર્તમાન રાજ્ય સરકારે યુવાનોને શૈક્ષણિક ક્ષેત્રે વ્યાપક રોજગાર આપવા સાથે શિક્ષણ સુવિધાઓનો વ્યાપ વિસ્તારવાના ઉદાત્ત ભાવથી આ નવી ભરતીનો નિર્ણય કર્યો છે. ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ નિર્ણયની વિસ્તૃત ભૂમિકા આપતાં કહ્યું કે, રાજયની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં કેન્દ્રીયકૃત રીતે ૯૨૭ અધ્યાપક સહાયકોની ભરતી કરવામાં આવશે. રાજયની કોલેજોમાં વિવિધ ૪૪ જેટલા વિષયો માટે ૯૨૭ અધ્યાપક સહાયકો સેવાઓ આ ભરતી પૂર્ણ થતાં મળતી થશે એમ પણ શિક્ષણ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

શિક્ષણ મંત્રીએ જણાવ્યું કે, અધ્યાપક સહાયકોની આ ભરતી માટે તા.૨૦ જાન્યુઆરી-૨૦૨૧ સુધી ઓનલાઈન અરજી કરવાની રહેશે તેમજ ભરતીની વધુ વિગતો વેબસાઈટ પરથી ઉપલબ્ધ બની રહેશે. આ સાથે રાજયની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કુલ ૫૭૦૦ શિક્ષણ સહાયકોની ભરતી રાજ્ય સરકાર કરશે એમ પણ શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું. તદઅનુસાર, નવી બિનસરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ૩૩૮૨ અને નવી બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ૨૩૦૭ શિક્ષણ સહાયકોની નિમણૂંક કરવામાં આવશે.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહજીએ રાજયની બિનસરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જે ૩૩૮૨ શિક્ષણ સહાયકોની ભરતી થવાની છે તેની વિગતો આપતાં કહ્યું કે અંગ્રેજી વિષય માટે ૬૨૪, એકાઉન્ટ એન્ડ કોમર્સ વિષય માટે ૪૪૬, સોશિયોલોજી વિષય માટે ૩૩૪, ઈકોનોમિકસ વિષય માટે ૨૭૬, ગુજરાતી વિષય માટે ૨૫૪ તેમજ અન્ય વિષયોના શિક્ષણ સહાયકોની ભરતી થશે. તે જ પ્રમાણે બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ગણિત-વિજ્ઞાન વિષય માટે ૧૦૩૭, અંગ્રેજી વિષય માટે ૪૪૨, સામાજિક વિજ્ઞાન વિષય માટે ૨૮૯, ગુજરાતી વિષય માટે ૨૩૪ તેમજ અન્ય વિષયો માટેની મળી ૨૩૦૭ શિક્ષણ સહાયકોની ભરતી કરાશે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



તારો પતંગ બાજુવાળા કાંતીકાકાના પતંગથી એક મીટર દૂર રહેવો જોઈએ, પેચ તો બીલકુલ નહી, ખબર છે ને એમને કોરોના પોઝીટીવ આવ્યો છે...!!

# તુવેર, ચણા અને રાઈડાના ટેકાના ભાવની જાહેરાત

## ૬૦૦૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવે તુવેરની ખરીદી : ૧૫ થી ૩૧ જાન્યુઆરી દરમિયાન તુવેરની નોંધણી કરાવી શકાશે : રાદડિયાની જાહેરાત

ગાંધીનગર,તા.૧૩

આજરોજ બુધવારે ગાંધીનગર ખાતે કેબિનેટ બેઠક મળી હતી. જેમાં ખેડૂતો પાસેથી તુવેર, રાઈડો અને ચણાની ટેકાના ભાવે ખરીદીની તારીખો અને ભાવ જાહેર કરવામાં આવ્યા હતા. આ અંગે કેબિનેટ મંત્રી જયેશ રાદડિયાએ પ્રેસ કોન્ફરન્સ કરીને માહિતી આપી હતી. જયેશ રાદડિયાએ જાહેરાત કરી હતી કે ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવાની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. ટેકાના ભાવનું પેમેન્ટ પણ ખેડૂતોને ચૂકવી આપવામાં આવ્યું છે.

જો કોઈને પેમેન્ટ બાકી હશે તો બે ત્રણ દિવસમાં ચૂકવી દેવામાં આવશે. આ ઉપરાંત ડાંગર અને મકાઈની ખરીદીની તારીખો લંબાવવાની જાહેરાત કરવામાં આવી છે. અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતના કેબિનેટ મંત્રી જયેશ રાદડિયાએ જાહેરત કરી છે કે આગામી ૧૫ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી દરમિયાન તુવેરની નોંધણી કરાવી શકાશે. આ નોંધણી ગ્રામ્ય સ્તરે પણ કરી શકાશે. જે બાદમાં જેમણે પોતાની તુવેરની નોંધણી કરાવી હશે તેમની તુવેરની ખરીદી પહેલી ફેબ્રુઆરીથી પહેલી પહેલી મે સુધી કરવામાં આવશે.

૧૦૫ માર્કેટિંગ યાર્ડ મારફતે ૬,૦૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવે તુવેરની ખરીદી કરવામાં આવશે. ખેડૂતો ચણાનું ટેકાના ભાવે વેચાણ માટે પહેલી ફેબ્રુઆરીથી ૧૫મી ફેબ્રુઆરી સુધી નોંધણી કરાવી શકશે. જે બાદમાં ૧૬મી ફેબ્રુઆરીથી ૧૬મી મે સુધી ટેકાના ભાવે ચણાની ખરીદી કરવામાં આવશે. ક્વિન્ટલ દીઠ ૫,૧૦૦ રૂપિયાના ભાવે ૧૮૮ ખરીદી કેન્દ્રો પરથી ચણાની ખરીદી થશે. રાઈડા માટે ખેડૂતો પહેલી ફેબ્રુઆરીથી ૧૫મી ફેબ્રુઆરી સુધી નોંધણી કરાવી શકશે. ૧૬મી ફેબ્રુઆરીથી ૧૬મી જૂન સુધી રાઈડાની ખરીદી ક્વિન્ટલ દીઠ ૪,૬૫૦ રૂપિયાના ભાવે કરવામાં આવશે. આ માટે ૯૯ માર્કેટિંગ યાર્ડ નક્કી કરાયા છે. મંત્રી રાદડિયાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી પૂર્ણ થઈ ગઈ છે. અત્યાર સુધી ૧૮,૭૭૨ ખેડૂતોએ પોતાની મગફળી વેચી છે. સરકારે ૧૬ હજાર કરોડની ખરીદી કરી છે. આ સાથે જ ડાંગર અને મકાઈની ખરીદીની પ્રક્રિયા લંબાવવાની જાહેરાત કરવામાં આવી છે. હવે ૩૧મી જાન્યુઆરી સુધી ખરીદી પ્રક્રિયા ચાલશે.

# સેક્ટર-૧૧ ખાતેથી આંદોલન કરી રહેલા ૨૦થી ઉમેદવારોની અટકાયત

ગાંધીનગર, તા. ૧૩

એલઆરડી ભરતીમાં અન્યાય થયો હોવાના મુદ્દે એલઆરડી એસસી, એસટી, ઓબીસીની મહિલા ઉમેવાદરોએ ઠંડી વચ્ચે ૭૨ દિવસ આંદોલન કર્યું હતું. જેને પગલે સરકારે બેઠકો વધારીને પણ તેમને ન્યાય આપવામાં આવ્યો હતો. મહિલા ઉમેદવારોની બેઠકો વધતાં ભરતીમાં ૩૩/૬૭નો રેશિયો ન જળવાયો હોવાની રજૂઆત સાથે પુરૂષ ઉમેદવારો મેદાન પડ્યા હતા. ગત વર્ષે જ શરૂ થઈ ગયેલા એલઆરડી પુરૂષ આંદોલન કોરોનાકાળમાં ઠંડુ પડી ગયું હતું. પરંતુ હવે ધીરે-ધીરે બધુ પૂર્વવ્રત થતાં રાજ્યભરના એલઆરડી પુરૂષ ઉમેદવારો ફરી મેદાને આવ્યા છે. રાજ્ય સરકાર સુધી પોતાની રજૂઆત પહોંચડવા માટે છેલ્લા ૧૦ દિવસથી યુવકો ધરણાં પ્રદર્શન કરી રહ્યાં છે. જેમાં બુધવારે સે-૧૧ ખાતેથી વધુ ૨૦ ઉમેદવારોની અટકાયત કરાઈ હતી. યુવકોએ શિયાળાની કડકડતી ઠંડીમાં પણ મંગળવારે રાત્રે એસટી ડેપો ખાતે રાત વિતાવી હતી અને સોશિયલ ડિસ્ટન્સ સાથે પોતાના ધરણાં કર્યા હતા. જેમાં માંગણી નહીં સંતોષાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની મક્કમતા ઉમેદવારોએ બતાવી હતી.

# કોલવડા ગામે પત્નિને ફીનાઈલ પીવડાવતા પતિ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામે પગીવાસમાં રહેતા પતિએ પત્નીને સામાન્ય તકરારમાં ફીનાઈલ પીવડાવી દેતા ચો તરફ હાહાકાર મચી ગયો છે. મહિલા ફીનાઈલ પી જતા ત્તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. જયા મહિલા દ્વારા પતિ અને સસરા સમક્ષ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પતિ દ્વારા ફીનાઈલ પીવડાવ્યા બાદ ગાંધીનગર સિવિલમાં સારવાર માટે લઈ ગયેલા આશાબેન ગોવિંદજી ઠાકોર (ઉં.૨૪ રહે.પગીવાસ) આ મુદે પોલી ફરીયાદ નોંધાવી છે. તે મુજબ તેઓ કોલવડામાં પતિ, પુત્ર અને સસરા કાંતિજી સુરાજી ઠાકોર સાથે રહે છે. સાત વર્ષના લગ્નગાળા દરમિયાન પહેલા બે ત્રણ વર્ષ બધુ બરોબર ચાલ્યા પછી પતિ સામાન્ય બાબતે માથાકુટ કર્યા કરતા હતા.

જેથી અત્યાર સુધી મહિલા ત્રણ થી ચાર વાર પિયર જતી રહી હતી. એપ્રિલમાં મારઝુડ થતા આશાબેન પિયરમાં જતા રહ્યા હતા અને સાત મહિના પછી નવેમ્બરમાં સસરા સામાજીક રાહે સમાધાન કરીને પુત્રવધુને કોલવડા લાવ્યા હતા.

એક માસ બરોબર ચાલ્યા પછી પતિ દ્વારા સામાન્ય બાબતે કકળાટ શરુ કર્યો હતો. તા.૧૦ અને ૧૧ જાન્યુઆરીના રોજ પતિ ગોંવિદજી એ માથાકુટ કરીને મારઝુડ કરી હતી. જેથી તા.૧૨ ના રોજ મહિલાએ પિયર જવાનું કહ્યું હતું.જેથી સસરાએ પણ કામ કરતી ન હોવાનું અને ઝઘડા કરતી હોવાનું કહીને અપશબ્દો બોલવા લાગ્યા હતા.

તે સમયે આવી ગયેલા પતિએ મહિલાને પથારીમાંથી ઉભી કરીને પકડીને ફીનાઈલ પીવડાવી દીધુ હતું. આ મુદ્દે મહિલાએ પિયરપક્ષને જાણ કરતા સભ્યો તાત્કાલીક દોડી આવ્યા હતા અને તેણીને સિવિલ સારવાર માટે લઈ ગયા હતા.ત્યારબાદ મહિલાએ પતિ અને સસરા સમક્ષ ફરીયાદ નોંધાવી છે.

## ખૂણેખાંચરેથી

- રાજયના આરોગ્ય વિભાગ દ્વારા આજે બપોરે ૧ વાગે વિડીયો કોન્ફરન્સ કરી અને વેક્સીનેશનની તૈયારીઓની આખરી સમીક્ષા કરી હતી.
- કરૂણા-પખવાડિયાની જોશભેર ઉજવણીની જાહેરાત કરવામાં આવી છે પરંતુ ઘાયલ પશુ કે પંખીને રાખવા માટેની વ્યવસ્થાઓ સ્થાનિક સ્તરે છે જ નહિ તેવુ સે. ૨ ના રહીશ અને બ્રર્મસમાજના અગ્રણી ગિરીશ ભટ્ટે જણાવ્યુ છે. તેમને એક ઈજાગ્રસ્ત પશુને સારવાર પછી સાર-સંભાળ રાખવા અમદાવાદની સ્વૈચ્છીક સંસ્થાને વિનંતી કરવી પડી હતી.
- આગામી ૧૫મી જાન્યુઆરીના રોજ મતદારયાદીનો સુધારેલો ડ્રાફટ રોલ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા જારી કરવામાં આવશે.
- ગાંધીનગર જિલ્લા તાલુકા વિકાસ અધિકારીઓની આગામી ૧૫મી જાન્યુઆરીના રોજ સમીક્ષા બેઠક યોજવામાં આવી છે.
- શહેર ભાજપના અગ્રણી અને ઉપપ્રમુખ ઉરેન પટેલને તેમના જન્મ દિવસની ઉજવણીમાં દિકરી ધૃવા અને દિકરા પર્વએ સરપ્રાઈઝ પાર્ટી આપી ચોંકાવી દીધા હતા. જો કે તેમને આ પાર્ટી અને ઉજવણી પરિવાર પુરતી સીમિત રાખી હતી.
- કેન્દ્રના શહેરી વિકાસ સચિવ દુર્ગાશંકર મિશ્રા ગાંધીનગરની મુલાકાતે આવી રહ્યા છે.
- જિલ્લામાં આજે કોરોનાથી સંક્રમિત અને ડિસ્ચાર્જ મેળવનારા દર્દીઓની સંખ્યા ગ્રામ્ય અને શહેરમાં એક સરખી છે.



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ખેડૂત મિત્રો ખાસ ધ્યાન આપો
લઘુત્તમ ટેકાના ભાવે તુવેર, ચણા તથા રાયડો ખરીદવા માટેની માહિતી

તુવેરનો ટેકાનો ભાવ
રૂ. ૬૦૦૦ /- પ્રતિ ક્વિન્ટલ
રજીસ્ટ્રેશન કરાવવાની તારીખ ૧૫/૦૧/૨૦૨૧ થી ૩૧/૦૧/૨૦૨૧
ખરીદી કરવાનો શુભારંભ ૦૧/૦૨/૨૦૨૧ થી ૦૧/૦૫/૨૦૨૧
તુવેર માટે ૧૦૫ A.P.M.C. કેન્દ્રો

ચણાનો ટેકાનો ભાવ
રૂ. ૫૧૦૦ /- પ્રતિ ક્વિન્ટલ
રાયડાનો ટેકાનો ભાવ
રૂ. ૪૬૫૦ /- પ્રતિ ક્વિન્ટલ
રજીસ્ટ્રેશન કરાવવાની તારીખ ૦૧/૦૨/૨૦૨૧ થી ૧૫/૦૨/૨૦૨૧
ખરીદી કરવાનો શુભારંભ ૧૬/૦૨/૨૦૨૧ થી ૧૬/૦૫/૨૦૨૧
ચણા માટે ૧૮૮ A.P.M.C. કેન્દ્રો
રાયડા માટે ૯૯ A.P.M.C. કેન્દ્રો

ઈ-ગ્રામ કેન્દ્ર પર નોંધણી સમયે લાવવાના થતા પુરાવાઓ
• પ્રમાણિત કરેલ આધારકાર્ડની નકલ
• બેંકનો કેન્સલ કરેલ ચેક/ પાસબુકના પ્રથમ પાનાની સુવાચ્ય નકલ
• ગામ નમુના નંબર ૭ તથા ૧૨ નો ઉતારો
• ગામ નમુના નંબર ૮-અ નો ઉતારો
• તલાટીનો વાવેતરનો દાખલો
• નોંધણી સમયે ઉપર મુજબના તમામ દસ્તાવેજ અપલોડ કરવામાં આવેલ છે તેની કાઉન્ટર છોડતા પહેલા નોંધણી કરનાર પાસેથી ખાત્રી કરી લેવા વિનંતી.

ખરીદ કેન્દ્ર ખાતે તુવેર, ચણા તથા રાયડાના વેચાણ માટે આવતા સમયે ધ્યાનમાં રાખવાની બાબતો
• નોંધણીની સ્લીપ ફરજીયાત સાથે લાવવાની રહેશે.
• વેચાણ માટે તારીખ તથા સમયની S.M.S. દ્વારા જાણ કરવામાં આવશે. ત્યાર બાદ જ ખરીદ કેન્દ્ર ખાતે આવવાનું રહેશે.
• જથ્થો ભેજ વગરનો, સાફ-સફાઈ કરીને, ખુલ્લા વાહનમાં લાવવાનો રહેશે.
• એક જ રજીસ્ટ્રેશનમાં એક જ વાર જથ્થો વેચાણ થઈ શકશે.
• વેચાણ કર્યા પછી M.S.P. રસીદ મેળવી લેવાની રહેશે.

વિશેષ સુચના
• અત્રેની ચકાસણી દરમ્યાન ડોક્યુમેન્ટ બાબતે આપનો સંપર્ક કરવામાં આવે ત્યારે સહકાર આપવા વિનંતી.
• ચકાસણી દરમ્યાન અધૂરા કે ભુલ ભરેલા દસ્તાવેજો અપલોડ થયેલ જણાશે તો આપનો અગ્રતાક્રમ પછળ જવાની શક્યતા રહેશે, જેથી ચોકસાઈ રાખવી.
• ઈ-ગ્રામ કેન્દ્ર તથા એ.પી.એમ.સી. / ખરીદ કેન્દ્ર પર નોંધણી વિના મુલ્યે છે.

હેલ્પ લાઈન નં. :- ૮૫ ૧૧ ૧૭ ૧૭ ૧૮/૧૯ | ફોન એસ.એમ.એસ. | www.gscscl.gujarat.gov.in

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમીટેડ
NAFED
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ